# તલોદ બજારમાં માર્ગના દુરસ્તીકરણ સામે વિવાદ

તલોદ, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના તાલુકામથક એવા તલોદ બજારમાં થોડાક માસ પહેલા કરોડો રૂપિયાના આંધણ થકી બનેલા રોડનું સમારકામ થઈ રહ્યું છે. આ કરોડોના ખર્ચે બનેલા નવા રોડમાર્ગનું આયુષ્ય કેટલાક મહિના જ હશે ? કે તેના કામમાં મસમોટી ખાયકી થઈ હશે? તે વિજીલન્સ તપાસનો વિષય છે.

તલોદ બજારના ગંગારામની ઘંટી વિસ્તારથી હરસોલા બોર્ડીંગ સુધીના આ નવા સીસી રોડમાં તોડફોડ કરીને, થાગડથીગડ કરીને તેના પુનઃ નિર્માણનું કામ કોન્ટ્રાક્ટ એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યું હોવાનું જાણવા મળેલ છે. દાયકાઓ સુધી ચાલે તેવા કરોડોના કર્ચે બનેલા અને થોડાક મહિનામાં જ ક્ષતિગ્રસ્ત બનેલા આ રોડમાર્ગ ઉપર ચાલી રહેલી થાગડથીગડની કાર્યવાહીથી પ્રજાને મન અનેકાનેક સવાલો પેદા થયા છે.

મળતી માહિતી મુજબ રોડના નિર્માણ કામ દરમ્યાન જે તે વખતે પાણીના પર્યાપ્ત માત્રામાં નહિ થયેલા સિંચનના અભાવે આ રોડની માઠી દશા થઈ છે. જેનું કાચુ અને ક્ષતિગ્રસ્ત કામ નજરે જણાતાં અને તિરાડો દેખાતાં કોન્ટ્રાક્ટર એજન્સીએ તેમાં થાગડથીગડ કરવાનું કામ હાથ ધરેલ છે. જે તેની સાથેના કરારનામામાં ગેરંટી પિરીયડમાં આવતુ હોવાથી કરી રહ્યા હોવાનું પણ જાણવા મળેલ છે.

કોન્ટ્રાક્ટર એજન્સીના જવાબદારીના સમયગાળા બાદ હવે આ રોડનું આયુષ્ય કેવું અને કેટલુ હશે તે સમય બતાવશે. આજે તો માંડ મળેલી સારા રોડ માર્ગની સુવિધાની ભિતરમાં કંઈકના કામ થઈ ગયા હોવાની આશંકાઓ સેવાઈ રહી છે. જવાબદાર તંત્ર દ્વારા ક્વોલિટી કંટ્રોલ અને વિજીલન્સ મારફત આ સંદર્ભે તટસ્થ તપાસ થાય તે આવશ્યક મનાય છે. કારણ કે પ્રજાના જ કરોડો રૂપિયાનું અહીં આંધણ થવા પામેલ છે.

સાબરકાંઠાના તલોદ બજારમાં કેટલાક માસ પહેલા જ કરોડો રૂપિયાના આંધણ થકી બનેલા રોડ માર્ગનું થાગડથીગડ કરી સમારકામ થતું જોતાં પ્રજા રોડના નિર્માણમાં સંભવિત ભારે ખાયકી થકી અનેક ક્ષતિઓ થઈ હોવાનું નિહાળી રહી છે. ગણતરીના મહિનામાં જ આ રોડ ક્ષતિગ્રસ્ત બનતા અને તેમાં કોન્ટ્રાક્ટરને થાગડથીગડ કરવાની ફરજ પડતાં સીસી રોડ નગરમાં ટોક ઓફ ધી ટાઉન બન્યો છે.



અરવલ્લી જિલ્લાના ગંજ બજારોમાં નવા ઘઉંની આવકો શરૂ થઈ ગઈ છે. શુક્રવારે મોડાસા માર્કેટ યાર્ડમાં પણ ખેડૂતો ઘઉંના ટ્રેક્ટરો ભરી વેચાણ માટે આવતા હરાજીમાં ૨૫૦૦ બોરીની આવક થઈ હતી. ઘઉંનો ભાવ ૨૦ કિલોનો રૂ. ૩૨૦ થી ૩૯૦ પડ્યો હતો. માર્કેડયાર્ડના કર્મચારી કૌશિકભાઈ તથા લાલજીભાઈ રબારીના જણાવ્યા મુજબ હોળીનો તહેવાર નજીક હોવાથી માકેટયાર્ડમાં ઘઉંની આવકમાં વધારો થશે.

# પ્રાંતિજના વજાપુર પાસે કન્ટેનરચાલકે યુવાનને અડફેટે લેતાં સારવાર મળે તે પહેલા મોત

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાના નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના વજાપુર પાટીયાં પાસે હિંમતનગરથી આવતી કન્ટેનરે રોડ ક્રોસ કરતાં યુવાનને અડફેટે લેતાં તેને શરીરે તથા માથાનાં ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર મળે તે પહેલાં મોત નિપજ્યું હતું.

પ્રાંતિજ પોલિસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના સલાલ ગામે રહેતાં પુરસિંગ પરાગસિંગ રાજપુરોહિત કે જેવો નેશનલ હાઈવે આઠ વજાપુર પાસે કોઈ કામ અર્થે ગયાં હતાં અને રોડ ક્રોસ કરતાં હતાં તે સમયે હિંમતનગર સાઈડથી કન્ટેનર નંબર- એચઆર ૫૫૬૨૫૨નો ચાલક ફુલફાસ્ટ રીતે ગફલતભરી રીતે હંકારી લાવીને રોડ ક્રોસ કરતાં પુરસિંગને પાછળથી ટક્કર મારી અડફટે લેતાં શરીરે તથા માથાના ભાંગે ગંભીર ઈજાઓ પહોચાડી હતી અને કન્ટેનર ચાલક કન્ટેનર મુકીને ભાગી ગયો હતો જયારે યુવાનને હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો પણ સારવાર મળે તે પહેલા મોત નિપજ્યું હતું. જયારે આ અંગેની જાણ પ્રાંતિજ પોલિસ સ્ટેશનમાં ભીખાભાઈ આત્મારામ રાજપુરોહિત ઉ.વર્ષ-૪૫ મુળ રહે. દડારી જી.બાડમેર રાજસ્થાન હાલ રહે. સલાલ દ્વારા પોલિસને ફરીયાદ કરતાં પોલિસે ભાગેલ કન્ટેનર ચાલક વિરૂધ્ધ ગુનો નોધી કન્ટેનરનો કબજો લઈને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# મોટી ઈસરોલમાં ફિલ્મ શૂટીંગ નિહાળવા ભીડ જામી

મોડાસા, તા.૫

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકામાં મોટી ઈસરોલ ગામે ચાલચિત્રનું શનિવારે સવારે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, સાબરકાંઠા જિલ્લા સહકારી



મોટેશ્વર મહાદેવ મંદિરેથી બેટી બચાવો..બેટી વધાવો.. અંતર્ગત શૈલેષ ભલાણી, રાહુલ સોનો, રિતેશ પુજારા, કેતન ઠક્કર નિર્માતા અને સહ નિર્માતા દિલિપસિંહ દરબાર, ભાવનાબેન મહેતા, કિરણસિંહ ચંપાવત, સુભાષભાઈ પટેલ, ધર્મેશભાઈ જી. રાવલ અને દિગ્દર્શક કેતન ઠક્કર, સહાયક દિગ્દર્શક જયેશ ત્રિવેદી અને સહ દિગ્દર્શક હેત રાઠોડનું "દીકરી મારી લાડકવાયી હૈયાનો હાર" ગુજરાતી મધ્યસ્થ બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ, રામદેવ ઉપાસક પૂજ્ય હીરાદાદા બાવજીના હસ્તે ફિલ્મના શૂટિંગનો પ્રારંભ થયો ત્યારે સ્થાનિકો અને ગ્રામજનો, આબાલ-વૃદ્ધ સહુ કોઈ ફિલ્મના મુહુર્તમાં ઉપસ્થિત રહ્યા હતા.

આ ફિલ્મમાં અભિનય કરનાર કલાકારોમાં સંજય મોર્ય, યુવરાજ સોલંકી, પ્રીતિ સોની, આરતી સોની, દીપાલી ઠક્કર, ફિરોઝ ઈરાનીનો સમાવેશ થાય છે.

# ઊંઝાના મક્તુપુરમાં અનઅધિકૃત મંદિર અને ગાંજાના છોડ મામલે ફરિયાદ

ઊંઝા, તા. ૫

ઊંઝા નજીકના મક્તુપુર ગામની સીમના સર્વે નં. ૧૬૮ તળાવવાળી જગ્યામાં રોડેશ્વર મહાદેવ મંદિર સહિત અન્ય અનઅધિકૃત બાંધકામ અંગે મામલો તંગ બનતા તેમજ આ જગ્યામાં દસ જેટલા ગાંજાના છોડને લઈને ગામના સરપંચે મંદિરના વહિવટકર્તા અને પૂજારી વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા પોલીસમાં લેખિત ફરિયાદ આપતાં મામલો ભારે ગરમાયો છે.

જાણવા મળ્યા મુજબ ઊંઝા નજીક હાઈવે પર મક્તુપુર ગામની સીમના સર્વે નં. ૧૬૮ વાળી જમીનમાં છેલ્લા ઘણા વખતથી મહાદેવનું મંદિર, ઓરડી, રોડ વગેરે બાંધેલ છે. વધુમાં આ જગ્યામાં ગાયોના ઘાસચારા માટે કથિત ગોડાઉનનું બાંધકામ શરૂ કરાતાં મક્તુપુર ગ્રામ પંચાયત તરફથી અનઅધિકૃત બાંધકામ દિન ત્રણમાં દૂર કરવા અંગે રોડેશ્વર મહાદેવ મંદિરના પુજારી/વહીવટકર્તાને નોટીસ આપવામાં આવેલ છે. આજે આ નોટીસ આપી તેના બે દિવસ પૂર્વે મક્તુપુરના સરપંચ શંકરભાઈ પટેલ મહાદેવની જગ્યામાં ગયા હતા. જ્યાં નિલય પટેલ નામના કહેવાતા વહિવટકર્તા અને અન્ય કેટલાક શખ્સો પાણીનું ગેરકાયદેસર જોડાણ કરી રહ્યાનું ધ્યાન પર આવ્યુ હતુ જેથી સરપંચે ટકોર કરતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને સરપંચ પર હૂમલો કર્યો હતો.

દરમિયાન સરપંચના ઘરે મહેસાણા વાસ્તુનો પ્રસંગ હોઈ તેમણે ફરિયાદ કરી ન હતી. બાદ સરપંચે ગ્રામજનોને ભેગા કરી સમગ્ર બાબતની જાણકારી આપી હતી. આજે સવારે સરપંચ, ઉપસરપંચ સહિત ૧૦૦ જેટલા ગ્રામજનોનું ટોળુ રોડેશ્વર મહાદેવના મંદિરે ગયુ હતુ. જ્યાં મંદિરના સાધુ તથા આયોજક નિલય પટેલ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી અને ગ્રામજનોનો મિજાજ પારખી સાધુ તથા નિલય પટેલ જગ્યા છોડી જતા રહ્યા હતા. ત્યારબાદ મંદિરની પાછળ આઠ દસ જેટલા ગાંજાના છોડ વાવેલ હોવાનુ માલુમ પડતાં સરપંચે ઊંઝા પોલીસને જાણ કરી હતી. બાદ પોલીસે સરપંચને પોલીસમથકે બોલાવ્યા હતા. જ્યાં સરપંચે લેખિત ફરિયાદ આપી હતી.

બાદ પોલીસ ઘટનાસ્થળે ગઈ હતી અને એફએસએલની ટીમને બોલાવવા રીપોર્ટ કર્યો હતો. જો કે આ સમાચાર લખાય છે ત્યાં સુધી ઊંઝા પોલીસ મથકે કોઈ જ ફરિયાદ નોંધાયેલ નથી.

# રાજયવ્યાપી કાર્યક્રમનો વાવના દેથલી ગામેથી પ્રારંભ

## પર્યાવરણ અનુરૂપ જીવનશેલી અપનાવતા થાય તે માટેના રાજયવ્યાપી કાર્યક્રમની શરૂઆત : ૧૫ દિવસ સુધી ૩૪૦ ગામડાઓમાં યોજાશે કાર્યક્રમ

આજે ગ્લોબલ વૉમિંગ એ વૈશ્વિક સમસ્યા બની ચુકી છે ત્યારે



ગુજરાત ઈકોલોજી કમિશને ગ્રામીણ વિસ્તારો માં લોકો પર્યાવરણ અનુરૂપ જીવનશેલી અપનાવતા થાય તે માટે ના રાજયવ્યાપી કાર્યક્રમ નો બનાસકાંઠા ના વાવ તાલુકા ના દેથલી ગામે થી પ્રારંભ કરાયો છે.ભારત પાકિસ્તાન ની સરહદે આવેલા વાવ તાલુકા ના દેથળી ગામે થી રાજ્ય ના આરોગ્ય પ્રધાન શંકર ચૌધરી ની અધ્યક્ષતા માં પર્યાવણ ને અનુરૂપ જીવનશેલી અપનાવવા ના રાજ્ય વ્યાપી કાર્યક્રમ નો પ્રારંભ કરાયો છે જેમાં ગુજરાત ઈકોલોજી કમિશનના અગ્ર સચિવ અરવિંદ અગ્રવાલ સહીત થરાદ ધારાસભ્ય પરબત પટેલ તેમજ જિલ્લા કલેક્ટર જેનું દેવન ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે બોલતા રાજ્ય આરોગ્ય



પ્રધાન શંકરભાઈ ચૌધરી એ જણાવ્યું હતું કે કુદરતી સંપત્તિ સમાન જળ,જમીન,વાયુ,જેવી અમૂલ્ય સંપત્તિ નો આપણે નાશ કરતા હોવાથી પર્યાવરણ ને બચાવવા ની જરૂરિયાત ઉભી થઈ છે જેના માટે આગામી ૧૫ દિવસો સુધી રાજ્ય સરકાર ૩૪૦ ગામડા ઓ માં પર્યાવણ ને અનુરૂપ જીવનશેલી અપનાવવા ની સમજ ગ્રામીણ વિસ્તાર ની પ્રજા ને આપશે.રાજ્ય ના મંત્રી શંકરભાઈ એ મિડિયા સાથે ની વાતચીત માં જણાવ્યું હતું કે સરકાર ગુજરાત માં જળ,જંગલ,જમીન,પાણી નું જતાં થાય તે માટે ખુબ જ સક્રિય છે.આ ઉપરાંત તેઓ એ મેડિકલ શ્રેત્ર માટે જાહેરાત કરતાં જણાવાયું હતું કે મેડિકલ ના પીજી કોર્ષ માટે સરકારે નવી ૭૨ બેઠકો મંજુર કરી છે.

# પ્રાંતિજ નજીક બાવનગોળ સમાજવાડીમાં નવનિર્માણ મંદિરના બાંધકામ માટે ઉછામણી

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ રેલ્વે સ્ટેશન જીઈબી પાસે આવેલ બાનવગોળ પટેલ સમાજની મીટીંગ યોજાઈ હતી. જેમાં સમાજને લગતી પ્રવૃતિઓ સહિત સમાજ મંદિરની ચર્ચાઓ કરવામાં આવી હતી.

પ્રાંતિજ નવા બાકલપુર જીઈબી નજીક આવેલ બાવનગોળ પટેલ સમાજની વાડી ખાતે સમાજના તમામ ભાઈઓ બહેનો યુવાનોની હાજરીમાં નવીન ઉમા ધામ મંદીરના બાંધકામ અને ઉછામણી માટે એકઠા થયા હતા. જેમાં દાનનો અવિરત પ્રવાહ વરસ્યો હતો જયારે આગામી ૮/૫/૧૭ ના રોજ મંદીરના પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે. આ પ્રતિષ્ઠા મહોત્સવમાં સમસ્ત વદરાડ ગામ વતી ભોજનનું દાન કરાશે તેમજ ૨૯ થી વધુ પણ મુર્તિની ઉછામણીના દાતા થયા હતા અને સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં અને સાથે ભોજન પણ લીધું હતું. જયારે બાવન ગોળ પટેલ સમાજના પ્રમુખ બી. એસ. પટેલ, સમાજના આગેવાનો કાર્યકર્તાઓ સહિત સમાજના ભાઈ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં. જયારે કાર્યક્રમનું સફળ સંચાલન મહેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# પ્રાંતિજના ઝીંઝવા ખાતે સ્મશાન ગૃહનું ખાર્ત મૂહુર્ત

પ્રાંતિજ, તા.૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના ઝીંઝવા ગામે જિલ્લા આયોજન સમિતિમાંથી ફાળવવામાં આવેલ રકમમાંથી નવીન બની રહેલ સ્મશાન ગૃહનું ખાત મૂહૂર્ત કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજના ઝીંઝવા ખાતે જિલ્લા આયોજન સમિતિ દ્વારા ફાળવવામાં આવેલ ૫ લાખ ૨૫ હજારના ખર્ચે ધાબા વાળુ અદ્યતન સગવડ સુવિધા સાથે બની રહેલ સ્મશાન ગૃહનું ખાર્ત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા પ્રમુખ દક્ષાબેન, જિલ્લા શિક્ષણ સમિતિના ચેરમેન મણીભાઈ પટેલ, ઉપપ્રમુખ વિષ્ણુભાઈ પટેલ, તાલુકા સદસ્ય કૌશિકભાઈ પટેલ, સુરેશભાઈ સહિત ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.



## પ્રાંતિજના પોગલુ ખાતે આયુષ અવેરનેસ નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાયો

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના પોગલુ ગામે આવેલ શ્રી વારાહી માતાનાં મંદિર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. જેમાં ૪૦૦થી પણ વધારે દર્દીઓએ લાભ લીધો હતો. મંગલોદય સેવા પ્રતિષ્ઠાન સંચાલિત કામધેનુ ગૌશાળા પ્રાંતિજના સહયોગથી પોગલુ ખાતે આયુર્વેદિક-હોમિયોપોથીક આયુષ અવેરનેસ નિઃશુલ્ક કેમ્પ યોજાયો હતો. જેમાં પોગલુ સહિત આજુબાજુમાં રહેતાં ૪૦૦થી પણ વધારે દર્દીઓએ લાભ લીધો હતો. જેમાં પેટના રોગો, ચામડીના રોગો, વા - સાંધાના દુખાવા સહિતના દર્દોના નિષ્ણાંત ડૉકટરો દ્વારા ઉપસ્થિત રહીને દર્દીઓને તપાસીને દવાઓ પણ નિઃશુલ્ક આપવામાં આવી હતી. ત્યારે આ પ્રસંગે ઉપસ્થિત તબીબોનું મંદિરના મહંત સુનીલદાસજી મહારાજ દ્વારા ફુલ છડી આપીને સ્વાગત કરવામાં આવ્યું હતુ જયારે જિલ્લા આયુર્વેદિક અધિકારીએ પણ પરોક્ષ રીતે સહયોગ આપ્યો હતો.

# રાયગઢ ગામે દારૂના અડ્ડા અને ખુલ્લેઆમ થતા વેચાણના પગલે પોલીસ ફરિયાદ

સાબરકાંઠા, તા. ૫

ગુજરાત રાજ્યમાં દારૂબંધી હોવા છતાં સમગ્ર રાજ્યમાં વિદેશી દારૂ અને દેશીદારૂનું ખુલ્લેઆમ વેચાણ થતુ ઠેર ઠેર નજરે ચડે છે. રાજ્ય સરકાર દ્વારા દારૂબંધી અંગે વારંવાર નિતનવા કાયદા અને દારૂનું રજૂઆત કરી હતી.

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલા રાયગઢ ગામમાં છેલ્લા કેટલાય સમયથી દેશી અને વિદેશી દારૂના અડ્ડાઓ મોટા પ્રમાણમાં ધમધમી ઉઠ્યા છે. અને ગામમાં દારૂના ખપ્પરમાં યુવાનો દૂષણને ડામવા વારંવાર પોલીસતંત્રમાં રજૂઆત કરવા છતાં પોલીસતંત્રની મીલીભગતથી બુટલેગરો અને દારૂડીયા બેફામ બન્યા છે અને ગામમાંથી પસાર થવામાં મહિલાઓ અને યુવતીઓ હેરાન-પરેશાન બની ગઈ છે. અને




વેચાણ કરનાર અને દારૂ પિનાર લોકો સામે કડક સજાકીય જોગવાઈ છતા પોલીસતંત્રની રહેમ હેઠળ દારૂના અડ્ડાઓ અને દેશી દારૂની ભઠ્ઠીઓ ઠેર ઠેર ધમધમી રહી છે. હિંમતનગર તાલુકાના રાયગઢ ગામે બુટલેગરો દ્વારા કાયદાની ઐસીતૈસી કરી પોલીસતંત્રની રહેમ નજર હેઠળ ખુલ્લેઆમ દારૂના વેપલો થતા અને યુવાધન બરબાદીના પંથે ધકેલાતા ગામલોકોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી તાત્કાલીક અસરથી દારૂબંધી કરવા ઉગ્ર સહિત અનેક લોકોમાં વ્યસનનું પ્રમાણ વધુ જતા યુવાપેઢી બરબાદીના પંથે ધકેલાઈ રહ્યા છે. તદઉપરાંત દારૂના વ્યસનથી લોકો ગરીબીમાં સપડાવાની સાથે વધુ પ્રમાણમાં દારૂનુ સેવન કરવાથી રોગગ્રસ્ત બની નાની ઉંમરમાં મૃત્યુ પામવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા ગામના અનેક યુવા અનાથ વિધવાઓ તથા નિરાધર બાળકો ઘરનો કમાઉ મોભી દારૂના ખપ્પરમાં હોમાઈ જતા દારૂણ સ્થિતિમાં જીવી રહ્યા છે. દારૂના રાયગઢ ગામમાં આજુબાજુના ૧૫ થી વધુ ગામડામાંથી ખરીદી કરવા આવતા લોકો પણ ભારે હાલાકી ભોગવી રહ્યા છે. જિલ્લા પોલીસ તંત્રની મીલીભગતની ખુલ્લેઆમ આવેદનપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. જેથી ગામલોકોએ કંટાળીને સાબરકાંઠા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી તાબડતોડ દારૂબંધી અંગે નક્કર પગલા ભરવામાં નહિ આવે તો ગામલોકો ન છુટકે ગાંધી ચીંધ્યા માર્ગે ઉગ્ર અહિંસક આંદોલનની ચીમકી ઉચ્ચારી હતી.

# પશુપાલકો માટે અદ્યતન સુવિધાવાળી હોસ્પિટલ બનાવાશે

પાલનપુર, તા. ૫

બનાસકાંઠા જિલ્લાના ભાભર મુકામે ગુજરાત કો.ઓ.મિલ્ક માર્કેટીંગ ફેડરેશન આણંદ અને બનાસ ડેરી પાલનપુરના સંયુક્ત ઉપક્રમે આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા શહેરી વિકાસ રાજયમંત્રી અને બનાસ ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાન દૂધ દિનની ઉજવણી અંતર્ગત મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે મંત્રીએ પ્રાસંગીક પ્રવચન કરતાં જણાવ્યું હતુ કે દૂધના વ્યવસાય સાથે જોડાયેલ બહેનોને માર્ગદર્શન આપવા દર વર્ષે મહિલા જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવે છે. તેમણે કહ્યું કે પશુપાલકોને દૂધના પુરતા ભાવ આપવા બનાસ ડેરી કટીબધ્ધ છે એટલે જ આ વર્ષે શિયાળાની સીઝનમાં દૂધના ભાવ ઘટાડવાના બદલે ભાવ વધારવામાં આવ્યા હતા. મંત્રીએ કહ્યું કે પશુપાલકો ટાઢ, તડકો વેઠીને, વરસાદની સીઝનમાં પણ સવારે પાંચ વાગ્યે ઉઠી ખુબ મહેનત મજુરી કરીને દૂધનું ઉત્પાદન કરે છે ત્યારે તેમને પુરતા ભાવ મળે તે જરૂરી છે. ચેરમેને કહ્યું કે પાણીની બોટલ બીસ્લરી, પેપ્સી અને કોકા-કોલા પીનારાને તે બધી વસ્તુઓ ખરીદવી પરવડે છે તો પછી દૂધના ભાવ કેમ વધારે લાગે છે તેમ તેમણે જણાવ્યું હતું.

મંત્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે બનાસ ડેરીના આધસ્થાપક સ્વ.ગલબાકાકાની જન્મજયંતિની ઉજવણી આપણા લોકપ્રિય વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ડીસાથી શરૂ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે સ્વ.ગલબાકાકાએ આ જિલ્લાને પશુપાલનના વ્યવસાયમાં વાળીને જિલ્લાને જીવતો રાખવાનું અને તમામ સમાજોને જોડવાનું મહાન કામ એક વિઝનરી તરીકે કર્યું છે. તેમણે મહત્વની જાહેરાત કરતાં જણાવ્યું કે બનાસ ડેરી ધ્વારા બનાસ રેડિયો શરૂ કરવામાં આવશે. અને જિલ્લાની તમામ દૂધ મંડળીઓમાં રેડિયો મુકવામાં આવશે. તેમણે ઉમેર્યુ કે પશુપાલકોને બિમારી સમયમાં કોઈ તકલીફ ન પડે તે માટે બનાસ ડેરી ધ્વારા અધ્ધતન સુવિધાઓવાળી હોસ્પીટલ શરૂ કરવામાં આવશે.



## ભાભર મુકામે નિઃશુલ્ક દાંતના ચોકઠા નાંખવાના કેમ્પનો પ્રારંભ

દાંતની તકલીફ હોય અને ચોકઠા નાંખવાની જરૂરીયાત હોય તેમના માટે આજથી ભાભર મુકામે નિઃશુલ્ક કેમ્પ શરૂ કરવામાં આવ્યો છે. આ કેમ્પની આરોગ્ય રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ મુલાકાત લઈ વડીલોને મળ્યા હતા. તેમણે રાજય સરકારની આરોગ્ય વિભાગની યોજનાઓનો લાભ લઈ સુખી અને તંદુરસ્ત જીવન જીવવા જણાવ્યું હતુ.